## ૧૫મી ગુજરાત વિધાનસભા

## ચોથું સત્ર

| | |
|---|---|
| અગ્રતાક્રમ | **૧૨** |
| તારાંકિત પ્રશ્ન ક્રમાંક | ૧૫/૪/૧૭૫૧ |
| પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ | શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ (ગાંધીનગર(ઉત્તર)) |
| પ્રશ્નનું શીર્ષક | રાજ્યમાં બિન સરકારી અને બિન અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારાની દરખાસ્તો |
| વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ | ૨૮/૦૨/૨૦૨૪ |
| વિભાગ | શિક્ષણ વિભાગ (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ) |

**અગ્રતા ક્રમ – ૧૨**

| તારાંકિત પ્રશ્ન ક્રમાંક | ૧૫/૪/૧૭૫૧ |
|---|---|
| પૂરક પ્રશ્ન પુછનાર<br>માન. ધારાસભ્યશ્રીનું નામઃ | |

**પ્રશ્ન–૧ : રાજ્યની બિન સરકારી બિન અનુદાનિત શાળાઓમાં વર્ગ વધારા મંજૂર કરવા માટેની પ્રક્રિયા શું છે? અને તેને મંજૂર કરવાના ધોરણો શું છે?**

**જવાબ : બિનસરકારી બિન અનુદાનિત શાળાઓમાં વર્ગવધારા મંજૂર કરવા માટેની પ્રક્રિયા :**

- બિનસરકારી બિન અનુદાનિત શાળાઓમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શાળાના વર્ગ વધારાની મંજૂરીની પ્રક્રીયા **ONLINE** પધ્ધતિથી દરખાસ્ત મેળવવામાં આવે છે અને મંજૂર/નામંજૂર વર્ગોના નિર્ણયની જાણ પણ શાળાને ઈ-મેલ દ્વારા ઓનલાઈન માધ્યમથી કરવામાં આવે છે .વર્ગ વધારાની અરજી શૈક્ષણિક વર્ષના આરંભના એક મહિનાની અંદર સ્વીકારવામાં આવે છે .
- જે શાળાઓ વર્ગ વધારો ઈચ્છતી હોય તેવી શાળાઓ બોર્ડની વેબસાઈટ પર પોતાની અરજી **ONLINE** ભરી શકે છે .આવેલ અરજીઓ વર્ગ વધારા અંગેના સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોના આધારે **મંજૂર કે નામંજૂર** કરવામાં આવે છે.
- આમ સમગ્ર પ્રક્રિયામાં ક્યાય પણ કોઈ પણ શાળાને રૂબરૂમાં જવાની જરૂર પડતી નથી કે પેપર સબમીટ કરાવવા પડતા નથી મતલબ કે સમગ્ર પ્રક્રિયા **પેપરલેસ અને ફેઈસલેસ** છેજે પારદર્શક વહીવટનું ઉત્તમ . .છે ઉદાહરણ

**બિન સરકારી બિન અનુદાનિત શાળાઓમાં વર્ગ વધારા મંજૂર કરાવવા માટેના ધોરણો :**

- બિન સરકારી બિન અનુદાનિત માધ્યમિક શાળાના વર્ગ વધારા મંજૂરી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમોના ૧૯૭૪- :વિનિયમ ક્રમાંક૧૦ (૧)મુજબ આપવામાં આવે છે.
- બિન સરકારીબિન અનુદાનિતમાધ્યમિક શાળાના વર્ગ વધારાની અરજી શાળા વધારાના વર્ગોનું સંચાલન કરવા માટે જરૂરી વધારાના કલાસરૂમ, પ્રયોગશાળા, ગ્રંથાલય,ફર્નિચર, સાધનસામગ્રીના આધારે વર્ગ વધારાની અરજી મંજૂર કરવામાં આવે છે .
- બિન સરકારીબિન અનુદાનિતમાધ્યમિક શાળાના બોર્ડ દ્વારા વધુમાં વધુ માધ્યમ દીઠ છ .વર્ગની મંજૂરી આપવામાં આવે છે (૬)
- બિન સરકારીબિન અનુદાનિતમાધ્યમિક શાળાના છ થી વધુ વર્ગોની (૬) મંજૂરી શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવે છે

## **અગ્રતા ક્રમ – ૧૨**

| **તારાંકિત પ્રશ્ન ક્રમાંક** | **૧૫/૪/૧૭૫૧** |
|---|---|
| **પૂરક પ્રશ્ન પુછનાર<br>માન. ધારાસભ્યશ્રીનું નામઃ** | |

**પ્રશ્ન-૨ : વર્ગ વધારો ક્યા સંજોગોમાં નામંજૂર થાય છે? નામંજૂર કરવામાં આવેલ વર્ગ વધારા માટે અપીલની શું જોગવાઈ છે?**

**જવાબ : બિન સરકારી બિન અનુદાનિત શાળાઓમાં વર્ગ વધારા નામંજુરીના સામાન્ય કારણો**

- અપૂરતી વિદ્યાર્થી સંખ્યા.
- વર્ગ ખંડનું ક્ષેત્રફળ ૪૦૦ ચો.ફુટથી ઓછું હોય.
- પૂરતી ભૌતિક સુવિધા ન હોય.

**અપીલની જોગવાઈ–**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નામંજૂર કરવામાં આવેલ વર્ગ વધારાના હુકમ સામે શાળા મંડળ ઈચ્છે તો **૩૦ દિવસમાં સરકારશ્રીના શિક્ષણ વિભાગમાં અપીલ** કરી શકે છે.

**અગ્રતા ક્રમ – ૧૨**

| તારાંકિત પ્રશ્ન ક્રમાંક | ૧૫/૪/૧૭૫૧ |
|---|---|
| પૂરક પ્રશ્ન પુછનાર<br>માન. ધારાસભ્યશ્રીનું નામઃ | |

**પ્રશ્ન-૩ : રાજ્યમાં ખાનગી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ક્યા ધારા–ધોરણ મુજબ મંજૂર કરવામાં આવે છે?**

**જવાબ :** રાજ્યમાં ખાનગી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આ મુજબના ધારા–ધોરણ મુજબ મંજૂર કરવામાં આવે છે.

- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આપવામાં આવતી નવી નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવાની જાહેરાત અન્વયે નિયત સમય મર્યાદામાં મંજૂરી માટે ઓનલાઈન અરજી કરવાની રહે છે .
- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, જિલ્લા શિક્ષણાધિકારી અને કારોબારી સમિતિ દ્વારા ચકાસણી થયા બાદ તમામ અરજીઓનો નિર્ણય કરવામાં આવે છે .
- શાળા કે વર્ગ મંજૂર કરતી વખતે શાળાની ભૈતિક સુવિધા, નિયત નિયમ મુજબનું રમતગમતનું મેદાન–, ફર્નિચર, પ્રયોગશાળા, ગ્રંથાલય, આરોગ્ય વર્ધક સુવિધાઓ, વિનિયમ હેઠળ ઠરાવેલી લાયકાતવાળો સ્ટાફ વગેરે ધ્યાને લેવામાં આવે છે.
- શાળાનું સંચાલન કાર્યક્ષમ અને વિશ્વાસપાત્ર સંચાલક મંડળના હસ્તક છે, તેમજ શાળામાં સરકારે મંજૂર કરેલો અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકો વપરાય છે તેની ખાતરી કરવામાં આવે છે.

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાના નંબર |
| --- | --- | --- |
| – | મુખ્ય જવાબ | ૨–૩ |
| ૧ | બિન અનુદાનિત (નોન ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની મંજૂરી આપવા માટે હાલની જોગવાઈ | ૪–૫–૬–૭ |
| ૨ | બિન અનુદાનિત (નોન ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની મંજૂરી આપવા માટે અગાઉની જોગવાઈમાં થયેલ ફેરફાર | ૮ |
| ૩ | બિનઅનુદાનિત (નોન ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા માન્યતા સિવાય કોઈ મંડળ દ્વારા ચલાવવામાં આવે તો થતી કાર્યવાહી અને જોગવાઈ | ૯ |
| ૪ | બિનઅનુદાનિત (નોન ગ્રાન્ટેડ) નવી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની અરજી નામંજૂર કરવાના મુખ્ય કારણો | ૧૦ |
| ૫ | રાજ્યમાં વર્ષ ૨૦૨૩–૨૪ માં જિલ્લાવાર બિન સરકારી બિન અનુદાનિત માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારા માટે મળેલ દરખાસ્તો અને તે પૈકી જિલ્લાવાર મંજૂર કરવામાં આવેલ દરખાસ્તો | ૧૧–૧૨ |
| ૬ | રાજ્યમાં વર્ષ ૨૦૨૩–૨૪ માં જિલ્લાવાર બિન સરકારી બિન અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારા માટે કેટલી મળેલ દરખાસ્તો અને તે પૈકી જિલ્લાવાર મંજૂર કરવામાં આવેલ દરખાસ્તો | ૧૩–૧૪ |

<u>તારાંકિત પ્રશ્ન</u>

<u>ક્રમાંક: પ્ર/</u>

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/1751

વિષય:

રાજ્યમાં બિનસરકારી બિન અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારાની દરખાસ્તો

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 18/01/2024 | 19/02/2024 | 07/02/2024 |

*15/4/1751 શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ (ગાંધીનગર (ઉત્તર))

પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ જણાવવા કૃપા કરશે કે:-

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ શૈક્ષણિક વર્ષ- ૨૦૨૩-૨૪થી બિનસરકારી બિનઅનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની વર્ગ વધારાની કેટલી દરખાસ્તો મળી, અને

(૨) તે પૈકી કેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને વર્ગ વધારાની મંજૂરી આપવામાં આવી?

----

chha

તા.૫.૭૧૬૦
૯/૨/૨૪

# 12

## રાજ્યમાં બિનસરકારી બિન અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ક્રમિક વર્ગની મંજૂરી

*15/4/1751 **શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ** (ગાંધીનગર (ઉત્તર)): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪થી બિનસરકારી બિનઅનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની વર્ગ વધારાની કેટલી દરખાસ્તો મળી, અને | (૧) બિનસરકારી બિનઅનુદાનિત માધ્યમિક શાળાઓની ૩૪૬ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની ૨૯૮ દરખાસ્તો મળી. |
| (૨) તે પૈકી કેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને વર્ગ વધારાની મંજૂરી આપવામાં આવી? | (૨) તે પૈકી ૩૨૭ માધ્યમિક શાળાઓને અને ૨૯૧ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ક્રમિક વર્ગની મંજૂરી આપવામાં આવી. |

---

# (૧)

**<u>પ્રશ્ન</u> : બિન અનુદાનિત (નોન ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની મંજૂરી આપવા માટે હાલની જોગવાઈ શુ છે ?**

**<u>જવાબ</u>** : બિન અનુદાનિત (નોન ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની મંજૂરી આપવા માટે હાલની જોગવાઈ નીચે મુજબ છે.

- **<u>સૂચિત શાળા મકાનનો નકશોઃ</u>**– ગ્રામ્ય વિસ્તારની શાળા માટે નકશો તાલુકા/જિલ્લાના ઈજનેર (અ.મ.ઈ. ના.કા.ઈ.) નો મંજુર કરાવેલ હોવો જોઈએ. નગરપાલિકા વિસ્તારની શાળા માટે નકશો ચીફ ઓફિસર અથવા જેને સત્તા પહોચે છે તે સત્તાધિકારીશ્રી પાસે મંજૂર કરાવેલ હોવો જોઈએ. મહાનગરપાલિકા વિસ્તારની શાળા માટે નકશો જે તે વિસ્તારની કચેરીના સક્ષમ સત્તાધિકારી પાસે મંજૂર કરાવેલ હોવો જોઈએ.
- સૂચિત શાળાના મકાન વપરાશનું પ્રમાણપત્ર (B.U.P.):- ગ્રામ્ય વિસ્તારની શાળા માટે મકાન વપરાશનું પ્રમાણપત્ર તાલુકા/જિલ્લાના ઈજનેર (અ.મ.ઈ. ના.કા.ઈ.) નું હોવું જોઈએ. નગરપાલિકા વિસ્તારની શાળા માટે મકાન વપરાશનું પ્રમાણપત્ર ચીફ ઓફિસર પાસેથી અથવા જેને સત્તા પહોચે છે તે સત્તાધિકારીશ્રી પાસેથી મેળવેલ હોવું જોઈએ. મહાનગર પાલિકા વિસ્તારની શાળા માટે મકાન વપરાશનું પ્રમાણપત્ર જે તે વિસ્તારની કચેરીના સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવેલ હોવું જોઈએ. મકાન વપરાશના પ્રમાણપત્રની જગ્યાએ "બાંધકામ પરવાનગી"અથવા "વિકાસ પરવાનગી" માટે આપવામાં આવેલ પ્રમાણપત્ર અથવા દાખલો મંજૂરી માટે ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.
- શાળાના મકાનની સ્ટ્રક્ચરલ સ્ટેબિલીટી માટેનું પ્રમાણપત્ર માન્ય સ્ટ્રક્ચરલ એન્જીનીયર પાસેથી અથવા હકુમત ધરાવતા માર્ગ અને મકાન વિભાગના એક્ઝીક્યુટીવ એન્જીનીયર પાસેથી આ સાથેના નમુના મુજબનું મેળવેલ હોવું જોઈએ.

- ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ –૧૯૭૪ નાં વિનિયમ–૯(૧૩) (૪)ની જોગવાઈ મુજબ શાળાના રમત–ગમતનાં મેદાનની સુવિધા ઉપલબ્ધ કરવા અંગે:
  - નવી માધ્યમિક શાળાની દરખાસ્ત કરનાર સંચાલક મંડળ તેમની શાળા શહેરી વિસ્તારમાં {નગર પાલિકા, મહાનગર પાલિકા (મ્યુનિસિપલ કોર્પોરેશન), શહેરી વિકાસ સત્તામંડળ, એરીયા ડેવલપમેન્ટ ઓથોરીટી, નોટીફાઇડ એરીયા, વગેરે જેવો શહેરી વિસ્તાર} શરૂ કરવા માંગતા હોય તો શાળાના મકાનના બાંધકામ માટે જરૂરી જમીન બાદ કરીને રમત–ગમતના મેદાન માટે ભાડેથી મેદાન લેવાની જોગવાઈ કરવામાં આવે તો મેદાનની જમીન જે તે શાળાના બિલ્ડીંગને સંલગ્ન જ હોવી જોઈએ. ભાડા પટ્ટો ૧૫ વર્ષનો હોવો જોઈએ.
  - શહેરી વિસ્તારમાં શાળા શરૂ કરવા માગતા ટ્રસ્ટ / મંડળે શાળાના મકાનનો વિસ્તાર, પાર્કિંગ માટે છોડવી પડતી જગ્યા અને રસ્તા તેમજ માજીનની જમીન બાદ કર્યા બાદ, રમત–ગમતનું મેદાન લઘુત્તમ ૮૦૦ ચો.મી. રાખવાનું રહેશે અને ગ્રામ્ય વિસ્તાર (ગ્રામ પંચાયત વિસ્તાર) માટે શાળાના રમત–ગમતનું મેદાન ૧૫૦૦ ચો.મી. નું રાખવાનું રહેશે.
  - ભાડા કરાર રજીસ્ટર્ડ હોવો જોઈએ. ગામ દફ્તર નમુના નં.૬ / સીટી સર્વે રેકર્ડ, ૭/૧૨, ૮/અ માં જે તે મિલકતમાં ભાડા કરારની એન્ટ્રી થવી જોઈએ. જેથી ભાડે લેનાર ટ્રસ્ટનું નામ રેવન્યુ રેકર્ડમાં આવે અને એન્ટ્રીમાં પણ સ્પષ્ટ ઉલ્લેખ થાય કે ભાડા કરારની શરતોનું પાલન થયા બાદ જ ભાડે આપેલ મિલકતના હકમાં કોઈપણ ફેરફારની મંજૂરી આપવામાં આવે.
  - ચેરીટી કમિશ્નરશ્રીની પરવાનગી અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરવાનગી સિવાય ભાડા કરારના સમય દરમ્યાન મેદાનનો કોઈપણ અન્ય ઉપયોગ ન થવો જોઈએ અને ઉક્ત તમામ બાબતનો અરજદાર ટ્રસ્ટ દ્વારા રજુ થતી એફીડેવીટમાં સમાવેશ થયેલ હોવો જોઈએ.

- ભાડા કરારની મુદત દરમ્યાન જો કોઈ ફેરફાર થાય તો તે શાળાની મંજૂરી આપોઆપ રદ થયેલ ગણવામાં આવશે અને તે બાબતે કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી તે બાબતનો પણ એફીડેવીટમાં સમાવેશ થવો જોઈએ.
- કોઈ પબ્લીક લિમિટેડ કંપની કે પ્રાઈવેટ લિમિટેડ કંપની માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે CSR હેઠળ જ કામગીરી કરવા માગતી હોય તો તેને ભાડાપટ્ટેથી શાળાનું મકાન અને મેદાનની જમીનનો વપરાશ કરવા માટે આપવામાં આવે તો તેવી કંપનીને ખાસ કિસ્સામાં પરવાનગી આપવી.
- મેદાન સાથેની શાળાઓમાં બનતી દુર્ઘટના પ્રસંગે બાળકોની સલામતી માટે ઝડપથી બચાવનાં પગલાં લઈ શકાય છે. જેથી મેદાન ન હોય તેવી કોઈપણ સ્કુલ ચલાવી શકાશે નહી.
- ઉપર દર્શાવેલ રમત-ગમતના મેદાન માટેની નિયમાનુસાર જગા ધરાવનાર શાળામાં ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે તો ૫૦૦ થી વધારાના દરેક વિદ્યાર્થી દીઠ ૫ ચો.મી. જગા રમત-ગમતના મેદાન માટે વધારાની ઉપલબ્ધ કરવી જોઈશે.
- મેદાનની જગ્યામાં ભવિષ્યમાં કોઇ મકાન બાંધકામ કરી શકશે નહિ. મેદાન કાયમી ધોરણે ખુલ્લુ રહેવું જોઇએ.
- શાળા મંડળ પાસે GDCR-2017 ની નીતિના પેરા નંબર:-૮.૬માં પાર્કીંગ માટે શૈક્ષણિક સંસ્થામાં જરૂરી પાર્કિંગ માટે જે જોગવાઇ કરેલ છે, તે મુજબનું પાર્કિંગ હોવું જોઇશે. ગ્રામ્ય વિસ્તારમાં પણ યોગ્ય પાર્કિંગની વ્યવસ્થા કરવાની શાળા મંડળની જવાબદારી રહેશે.શાળામકાનનું -બાંધકામ થયેલ છે તે તમામ જમીન અને શાળાના મેદાન માટે દર્શાવેલ જમીન જે હેતુ માટે મકાનનો ઉપયોગ કરવાનો છે તે હેતુ માટે -બિન" થયેલ હો "ખેતીવી જોઈએશાળાનાં . મકાન અને મેદાન માટે દર્શાવેલ જમીનમાં કોઈ પણ પ્રકારનો વાદવિવાદ કે કોર્ટ કેસ- થયેલ હોવો જોઈએ નહિ.

- શાળા મકાનના આગળની બાજુનો ફોટો મકાનની પછળની બાજુનો ફોટો, મકાનની ડાબી બાજુનો ફોટો, મકાનની જમણી બાજુનો ફોટો તથા શાળાના આખા મકાનને આવરી લેતો મેઈન ગેટ કમ્પાઉન્ડ વોલ સાથેના ફોટા તાજેતરના હોવા જોઈશે.
- શાળામાં કુમારો માટે ઓછામાં ઓછી ૨(બે) મુતરડી, અને ઓછામાં ઓછા ૨ (બે) સંડાસ તથા કન્યાઓ માટે ઓછામાં ઓછી ૨(બે) મુતરડી અને ઓછામાં ઓછા ૨(બે) સંડાસની વ્યવસ્થા કરેલ હોવી જોઈશે. પીવાના પાણી માટે પાણીનો બોર/ પીવાના પાણીના નળની વ્યવસ્થા કરેલ હોવી જોઈશે. વોટરરૂમમાં ઓછામાં ઓછા ૫(પાંચ) નળ પીવાના પાણી માટે રાખેલ હોવા જોઈશે. વિદ્યાર્થી સંખ્યાના આધારે આ સુવિધામાં વધારો કરવાનો રહેશે.
- વધુમાં નવી નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા માટેની આવશ્યક જરૂરીયાત/આધારો અને સૂચનાઓ બોર્ડની વેબસાઈટ gseb.org પર New School Application ના ટેબ પર ઉપલબ્ધ હોય છે.

# (૨)

**પ્રશ્ન :** **બિન અનુદાનિત (નોન ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની મંજૂરી આપવા માટે અગાઉની જોગવાઈમાં શું ફેરફાર કરવામાં આવ્યો ?**

**જવાબ :** શહેરી વિસ્તારમાં શાળા શરૂ કરવા માગતા ટ્રસ્ટ / મંડળે શાળાના મકાનના બાંધકામ માટે જરૂરી જમીન બાદ કરીને રમત–ગમતના મેદાન માટે પોતાની માલિકીની ઓછામાં ઓછી ૮૦૦ ચો.મી. જમીન ખુલ્લી હોવી જોઈશે. જ્યારે ગ્રામ્ય વિસ્તાર (ગ્રામ પંચાયત) માટે શાળાના મકાન બાંધકામ માટે જરૂરી જમીન બાદ કરીને રમત–ગમતના મેદાન માટે ઓછામાં ઓછી ૧૫૦૦ ચો.મી. જમીન ખુલ્લી હોવી જોઈશે. રમત ગમતના મેદાન માટેની જમીન શાળા મંડળની માલિકીની હોવી જોઈએ અથવા ૧૫ વર્ષનો રજીસ્ટર્ડ ભાડા કરાર હોવો જોઈએ અને શાળાના મકાનની સાથે (સંલગ્ન) એકજ કેમ્પસમાં હોવી જોઈએ.

## (૩)

**પ્રશ્ન :** **બિનઅનુદાનિત (નોન ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા માન્યતા સિવાય કોઈ મંડળ દ્વારા ચલાવવામાં આવે તો શી કાર્યવાહી કરવામાં આવે છે? જોગવાઈ શું છે?**

**જવાબ :** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ની કલમ-૩૧ મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા મેળવવા માગતી શાળાઓએ બોર્ડની માન્યતા સિવાય શિક્ષણ આપી ન શકે. એટલે કે અમાન્ય શાળા દ્વારા શિક્ષણ આપી ન શકાય. માન્યતા વગરની શાળા આવી કામગીરી કરે તો તેવી શાળા/વ્યક્તિ સામે **ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨** ની **કલમ-૪૨** અનુસાર **રૂપિયા એક લાખ થી રૂપિયા બે લાખ** સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે.

# (૪)

**<u>પ્રશ્ન</u> : બિન અનુદાનિત (નોન ગ્રાન્ટેડ) નવી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની અરજી નામંજૂર કરવાના કારણો મુખ્યત્વે કયા હોય છે?**

**<u>જવાબ</u> :**

- શાળા મકાન અને રમત ગમતના મેદાનની જમીન બિનખેતી (N.A.) થયેલ ન હોય.
- શાળા મકાન અને મેદાનની જમીનના માલિકીના આધારોમાં વિસંગતતા હોય.
- શાળા મંડળનું નોંધણી અંગેનું પ્રમાણપત્ર રજુ થયેલ ન હોય.
- શાળા મંડળ દ્વારા શાળા મકાનના ઉપયોગનું/વપરાશનું પ્રમાણપત્ર સક્ષમ સત્તાધિકારી દ્વારા રજુ કરેલ ન હોય. (B.U.P.)
- શાળા મકાનની ભૌતિક સુવિધાઓ અપૂરતી હોય.
- શાળા મંડળ પાસે સરકારે ઠરાવેલ જોગવાઈ મુજબનું માપવાળું રમત–ગમતનું મેદાન ઉપલબ્ધ ન હોય.
- શાળા મકાનનો નકશો સક્ષમ સત્તાધિકારી દ્વારા મંજૂર કરેલ રજૂ કરેલ ન હોય.
- શાળા મકાન કોર્મશિયલ કોમ્પ્લેક્ષમાં હોય.

# (૫)

**પ્રશ્ન :** રાજ્યમાં વર્ષ ૨૦૨૩-૨૪ માં જિલ્લાવાર બિન સરકારી બિન અનુદાનિત માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારા માટે કેટલી દરખાસ્તો મળી ?તે પૈકી જિલ્લાવાર કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી?

**જવાબ :**

| ક્રમ | જિલ્લો | માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારાની આવેલ દરખાસ્ત | માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારાની મંજૂર થયેલ દરખાસ્ત |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ ગ્રામ્ય | ૩૪ | ૩૩ |
| ૨ | અમદાવાદ શહેર | ૩૦ | ૨૯ |
| ૩ | અમરેલી | ૦૬ | ૦૬ |
| ૪ | આણંદ | ૫ | ૫ |
| ૫ | અરવલ્લી | ૧ | ૧ |
| ૬ | બનાસકાંઠા | ૧૫ | ૧૪ |
| ૭ | ભરૂચ | ૬ | ૫ |
| ૮ | ભાવનગર | ૨૦ | ૧૮ |
| ૯ | બોટાદ | ૬ | ૬ |
| ૧૦ | છોટા ઉદેપુર | ૩ | ૩ |
| ૧૧ | દાહોદ | ૨ | ૨ |
| ૧૨ | ડાંગ | ૦ | ૦ |
| ૧૩ | દેવભુમિદ્વારકા | ૪ | ૩ |
| ૧૪ | ગાંધીનગર | ૬ | ૬ |
| ૧૫ | ગીર સોમનાથ | ૩ | ૩ |
| ૧૬ | જામનગર | ૭ | ૬ |
| ૧૭ | જુનાગઢ | ૧૧ | ૧૧ |

| ક્રમ | જિલ્લો | માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારાની આવેલ દરખાસ્ત | માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારાની મંજૂર થયેલ દરખાસ્ત |
|---|---|---|---|
| ૧૮ | કચ્છ | ૬ | ૬ |
| ૧૯ | ખેડા | ૧ | ૧ |
| ૨૦ | મહેસાણા | ૬ | ૬ |
| ૨૧ | મહિસાગર | ૧ | ૧ |
| ૨૨ | મોરબી | ૭ | ૬ |
| ૨૩ | નર્મદા | ૦ | ૦ |
| ૨૪ | નવસારી | ૮ | ૭ |
| ૨૫ | પંચમહાલ | ૩ | ૩ |
| ૨૬ | પાટણ | ૩ | ૨ |
| ૨૭ | પોરબંદર | ૩ | ૩ |
| ૨૮ | રાજકોટ | ૧૯ | ૧૯ |
| ૨૯ | સાબરકાંઠા | ૪ | ૪ |
| ૩૦ | સુરત | ૮૨ | ૭૭ |
| ૩૧ | સુરેન્દ્રનગર | ૧ | ૧ |
| ૩૨ | તાપી | ૧ | ૧ |
| ૩૩ | વડોદરા | ૨૭ | ૨૬ |
| ૩૪ | વલસાડ | ૧૫ | ૧૩ |
| **કુલ** | | **૩૪૬** | **૩૨૭** |

# (૬)

**<u>પ્રશ્ન</u> :** રાજ્યમાં વર્ષ ૨૦૨૩-૨૪ માં જિલ્લાવાર બિન સરકારી બિન અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારા માટે કેટલી દરખાસ્તો મળી? તે પૈકી જિલ્લાવાર કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી?

**<u>જવાબ</u> :**

| ક્રમ | જિલ્લો | ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારાની આવેલ દરખાસ્ત | ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારાની મંજૂર થયેલ દરખાસ્ત |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ ગ્રામ્ય | ૨૨ | ૨૨ |
| ૨ | અમદાવાદ શહેર | ૩૭ | ૩૬ |
| ૩ | અમરેલી | ૪ | ૪ |
| ૪ | આણંદ | ૦ | ૦ |
| ૫ | અરવલ્લી | ૧ | ૧ |
| ૬ | બનાસકાંઠા | ૮ | ૮ |
| ૭ | ભરૂચ | ૨ | ૨ |
| ૮ | ભાવનગર | ૨૧ | ૧૯ |
| ૯ | બોટાદ | ૬ | ૬ |
| ૧૦ | છોટા ઉદેપુર | ૨ | ૨ |
| ૧૧ | દાહોદ | ૧ | ૧ |
| ૧૨ | ડાંગ | ૦ | ૦ |
| ૧૩ | દેવભુમિદ્વારકા | ૧ | ૧ |
| ૧૪ | ગાંધીનગર | ૧૨ | ૧૧ |
| ૧૫ | ગીર સોમનાથ | ૪ | ૪ |
| ૧૬ | જામનગર | ૬ | ૬ |

| ક્રમ | જિલ્લો | ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારાની આવેલ દરખાસ્ત | ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારાની મંજૂર થયેલ દરખાસ્ત |
|---|---|---|---|
| ૧૭ | જુનાગઢ | ૯ | ૯ |
| ૧૮ | કચ્છ | ૬ | ૬ |
| ૧૯ | ખેડા | ૫ | ૫ |
| ૨૦ | મહેસાણા | ૧૦ | ૯ |
| ૨૧ | મહિસાગર | ૦ | ૦ |
| ૨૨ | મોરબી | ૭ | ૭ |
| ૨૩ | નર્મદા | ૦ | ૦ |
| ૨૪ | નવસારી | ૭ | ૭ |
| ૨૫ | પંચમહાલ | ૨ | ૨ |
| ૨૬ | પાટણ | ૦ | ૦ |
| ૨૭ | પોરબંદર | ૦ | ૦ |
| ૨૮ | રાજકોટ | ૨૦ | ૨૦ |
| ૨૯ | સાબરકાંઠા | ૪ | ૪ |
| ૩૦ | સુરત | ૭૬ | ૭૫ |
| ૩૧ | સુરેન્દ્રનગર | ૧ | ૧ |
| ૩૨ | તાપી | ૦ | ૦ |
| ૩૩ | વડોદરા | ૧૯ | ૧૯ |
| ૩૪ | વલસાડ | ૫ | ૪ |
| **કુલ** | | **૨૯૮** | **૨૯૧** |

ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-
૧૯૭૪ના વિનિયમ ક્રમાંક:૯(૧૩)(૫)માં
સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૧/૮૫૦/છ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૧૬/૦૯/૨૦૧૯

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તા.૦૪/૦૮/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૧/૮૫૦/છ.

(૨) શિક્ષણ વિભાગનો તા.૨૯/૦૯/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૧/૮૫૦/છ..

(૩) ગુ.મા.અને.ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગરનો તા.૦૮/૦૮/૨૦૧૯નો પત્ર ક્રમાંક:મઉમશબ/૨૦૧૯/૭૪૯૧.

આ મુ ખ:-

શિક્ષણ વિભાગના સંદર્ભ (૧) અને (૨) સામે દર્શાવેલ ઠરાવોથી ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક:૯(૫)માં જરૂરી સુધારા કરવામાં આવેલ હતા. ત્યારબાદ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના સંદર્ભ (૩)ના પત્ર સાથેની સીંગલ ફાઇલની નોંધથી ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક:૯(૧૩)(૫)માં સુધારો કરવા અંગે યોગ્ય કક્ષાએ મંજૂરી મેળવી જરૂરી સુધારો બહાર પાડવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠ રા વ:-

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક:૯(૧૩)(૫)માં હાલની જોગવાઇને બદલે આ સાથે સામેલ પત્રક મુજબ સુધારેલી જોગવાઇને આથી મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમો સીંગલ ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૨૯/૦૭/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( ટી.એસ.પટેલ )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર.
- નિયામકશ્રી, કમિશનરશ્રી શાળાઓની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

P.T.O.

Scanned by CamScanner

શિક્ષણ વિભાગના તા.૧૬/૦૯/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૧/૮૫૦/છ સાથેનું બિડાણ

| વિનિયમ ક્રમાંક | શિક્ષણ વિભાગના તા.૨૯/૦૯/૨૦૧૮ના ઠરાવના બિડાણ મુજબ હાલની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|---|
| ૯(૧૩)(૫) | <u>નવી માધ્યમિક શાળા શરૂ કરવા માટે આવશ્યક સુવિધાઓ:-</u><br>(૫) નવી માધ્યમિક શાળાની દરખાસ્ત કરનાર સંચાલક મંડળ તેમની શાળા શહેરી વિસ્તારમાં { નગરપાલિકા, મહાનગરપાલિકા (મ્યુનિસિપલ કોર્પોરેશન), શહેરી વિકાસ સત્તા મંડળ, એરીયા ડેવલપમેન્ટ ઓથોરીટી, નોટીફાઇડ એરીયા વગેરે જેવા શહેરી વિસ્તાર } શરૂ કરવા માંગતી હોય તો શાળાનાં મકાનના બાંધકામ માટે જરૂરી જમીન બાદ કરીને રમત ગમતના મેદાન માટે પોતાની માલિકીની ઓછામાં ઓછી ૧૨૦૦ ચો.મી. જગા ખુલ્લી હોવી જોઇશે. જ્યારે ગ્રામ્ય વિસ્તાર(ગ્રામ પંચાયત) માટે શાળાના મકાન બાંધકામ માટે જરૂરી જમીન બાદ કરીને રમત ગમતનાં મેદાન માટે ઓછામાં ઓછી ૨૦૦૦ ચો.મી. જમીન ખુલ્લી હોવી જોઇશે. રમત ગમતના મેદાન માટેની જમીન શાળા મંડળની માલિકીની હોવી જોઇશે અને શાળાના મકાનની સાથે જ (સંલગ્ન એકજ કેમ્પસમાં) હોવી જોઇશે. રમત ગમતના મેદાનના વિસ્તારમાં, રસ્તા માટે કે પાર્કિંગ માટે કે GDCR-2017ની જોગવાઇ હેઠળ છોડવી પડેલી જમીનના વિસ્તારનો સમાવેશ કરવાનો રહેશે નહિં.<br>ઉપર દર્શાવેલ રમતગમતના મેદાન માટેની ઓછામાં ઓછી જગા ધરાવનાર શાળા ૫૦૦ થી વધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકશે નહિં પરંતુ ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે વધારાના દરેક વિદ્યાર્થી દીઠ ૫ ચો.મી. જગા રમત | ૧. ભાડેથી મેદાન લેવાંની જોગવાઇ કરવામાં આવે તો મેદાનની જમીન જે તે શાળાના બિલ્ડીંગને સંલગ્ન જ હોવી જોઇએ. ભાડાપટો ૧૫ વર્ષનો હોવો જોઇએ.<br>શહેરી વિસ્તારમાં શાળા શરૂ કરવા માંગતા ટ્રસ્ટ / મંડળે શાળાના મકાનનો વિસ્તાર, પાર્કિંગ માટે છોડવી પડતી જગ્યા અને રસ્તા તેમજ માર્જીનની જમીન બાદ કર્યા બાદ, રમત ગમતનું મેદાન લઘુતમ ૮૦૦ ચો.મી. ક્ષેત્રફળનું રાખવાંનું રહેશે અને ગ્રામ્ય વિસ્તાર [ગ્રામ પંચાયત વિસ્તાર] માટે શાળાના રમત ગમતનું મેદાન ૧૫૦૦ ચો.મી.નું રાખવાનું રહેશે.<br>૨. ભાડા કરાર રજીસ્ટર્ડ હોવો જોઇએ. ગામ દફ્તર નમુના નં.૬/ સીટી સર્વે રેકર્ડ, ૭/૧૨, ૮/અ માં જે તે મિલ્કતમાં ભાડા કરારની એન્ટ્રી થવી જોઇએ. જેથી ભાડે લેનાર ટ્રસ્ટનું નામ રેવન્યુ રેકર્ડમાં આવે અને અન્ટ્રીમાં પણ સ્પષ્ટ ઉલ્લેખ થાય કે ભાડા કરારની શરતોનું પાલન થયા બાદ જ ભાડે આપેલ મિલ્કતના હકમાં કોઇપણ ફેરફારની મંજૂરી આપવામાં આવે.<br>૩. ચેરીટી કમિશનરશ્રીની પરવાનગી અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરવાનગી સિવાય ભાડાં કરારના સમય દરમ્યાન મેદાનનો કોઇપણ અન્ય ઉપયોગ ન થવો જોઇએ. અને ઉક્ત તમામ બાબતનો અરજદાર ટ્રસ્ટ દ્વારા રજુ થતી એફિડેવીટમાં સમાવેશ થયેલ હોવો જોઇએ.<br>૪. ભાડાં કરારની મુદત દરમ્યાન જો કોઇ ફેરફાર થાય તો તે શાળાની મંજૂરી આપોઆપ રદ થયેલ ગણવામાં આવશે અને તે બાબતે કોઇ |

ગમતના મેદાન માટે વધારાની ઉપલબ્ધ કરવી જોઇશે.

મેદાનની જગ્યામાં ભવિષ્યમાં કોઇ મકાન બાંધકામ કરી શકશે નહિં. મેદાન કાયમી ધોરણે ખુલ્લુ રહેવું જોઇએ.

શાળા મંડળ પાસે GDCR-2017ની નીતિના પેરા નંબર-૮.૬માં પાર્કિંગ માટે શૈક્ષણિક સંસ્થામાં જરૂરી પાર્કિંગ માટે જે જોગવાઇ કરેલ છે, તે મુજબનું પાર્કિંગ હોવું જોઇશે. ગ્રામ્ય વિસ્તારમાં પણ યોગ્ય પાર્કિંગની વ્યવસ્થા કરવાની શાળા મંડળની જવાબદારી રહેશે.

રજુઆત ધ્યાને લેવામાં આવશે નહિં તે બાબતનો પણ એફિડેવીટમાં સમાવેશ થવો જોઇએ.

૫. કોઇ પબ્લીક લીમીટેડ કંપની કે પ્રાઇવેટ લીમીટેડ કંપની માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે CSR હેઠળ જં કામ કરવા માંગતી હોય તો તેને ભાડાપટ્ટેથી શાળાનું મકાન અને મેદાનની જમીનનો વપરાશ કરવા માટે આપવામાં આવે તો તેવી કંપનીને ખાસ કિસ્સામાં પરવાનગી આપવી.

૬. મેદાન સાથેની શાળાઓમાં બનતી દુર્ઘટનાં પ્રસંગે બાળકોની સલામતી માટે ઝડપથી બચાવના પગલાં લઇ શકાય છે. જેથી મેદાન ન હોય તેવી કોઇપણ સ્કુલ ચલાવી શકાશે નહિં.

ઉપર દર્શાવેલ રમતગમતના મેદાન માટેની નિયમાનુસાર જગા ધરાવનાર શાળામાં ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે તો ૫૦૦ થી વધારાના દરેક વિદ્યાર્થી દીઠ ૫ ચો.મી. જગા રમત ગમતના મેદાન માટે વધારાની ઉપલબ્ધ કરવી જોઇશે.

મેદાનની જગ્યામાં ભવિષ્યમાં કોઇ મકાન બાંધકામ કરી શકશે નહિં. મેદાન કાયમી ધોરણે ખુલ્લુ રહેવું જોઇએ.

શાળા મંડળ પાસે GDCR-2017 ની નીતિના પેરા નંબર-૮.૬માં પાર્કિંગ માટે શૈક્ષણિક સંસ્થામાં જરૂરી પાર્કિંગ માટે જે જોગવાઇ કરેલ છે, તે મુજબનું પાર્કિંગ હોવું જોઇશે. ગ્રામ્ય વિસ્તારમાં પણ યોગ્ય પાર્કિંગની વ્યવસ્થા કરવાની શાળા મંડળની જવાબદારી રહેશે.

સાદર રજુ :-



**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૭૫૧**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ : શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ** (ગાંધીનગર (ઉત્તર))
**પૂરક પશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ : શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ**
**(ગાંધીનગર (ઉત્તર))**

---

**પ્રશ્ન-૬: બિન અનુદાનિત (નોન ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની મંજૂરી આપવા માટે અગાઉની જોગવાઈમાં શું ફેરફાર કરવામાં આવ્યો ?**

જવાબ : શિક્ષણ વિભાગના તા.૧૬/૦૯/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૧/૮૫૦/છ થી ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ના વિનિયમ ક્રમાંક:૯(૧૩)(૫)માં નીચે મુજબ સુધારો કરવામાં આવેલ છે.

**શહેરી વિસ્તારમાં** શાળા શરૂ કરવા માગતા ટ્રસ્ટ / મંડળે શાળાના મકાનના બાંધકામ માટે જરૂરી જમીન બાદ કરીને રમત-ગમતના મેદાન માટે પોતાની માલિકીની ઓછામાં **ઓછી ૮૦૦ ચો.મી.** જમીન ખુલ્લી હોવી જોઈશે. જ્યારે **ગ્રામ્ય વિસ્તાર (ગ્રામ પંચાયત)** માટે શાળાના મકાન બાંધકામ માટે જરૂરી જમીન બાદ કરીને રમત-ગમતના મેદાન માટે ઓછામાં ઓછી **૧૫૦૦ ચો.મી. જમીન** ખુલ્લી હોવી જોઈશે. **રમત ગમતના મેદાન માટેની જમીન શાળા મંડળની માલિકીની હોવી જોઈએ અથવા ૧૫ વર્ષનો રજીસ્ટર્ડ ભાડા કરાર હોવો જોઈએ અને શાળાના મકાનની સાથે (સંલગ્ન) એકજ કેમ્પસમાં હોવી જોઈએ.**